ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
પ્રિ-વિતરણ/પોલીસી/૨
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૧૩/૦૧/૨૦૨૧

# // પરિપત્ર //

**વિષયઃ- નિગમની વિવિધ વસાહતોમાં જમીન ફાળવણી અંગેની નવી નીતિ અમલમાં મૂકવા બાબત.**

**સંદર્ભઃ-** (૧) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧(૮)/૦૭, તા.૩૧/૦૫/૨૦૦૮.

(૨) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઇડી/એએલટી/૨૦૧૨-૧૩, તા.૨૩/૦૫/૨૦૧૨.

(૩) કાર્યપાલક નિયામકશ્રીના પત્ર ક્રમાંકઃ એલ૦૯૦૦૩૬૧૬૫૬૦, તા.૧૧/૦૬/૨૦૧૫.

(૪) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/હિસાબ/પોલીસી/૨૪, તા.૧૭/૦૩/૨૦૧૬.

(૫) ઉદ્યોગ અને ખાણ વિભાગનું તા.૦૩/૦૮/૨૦૧૭ નું જાહેરનામું.

(૬) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/૨૨, તા.૦૩/૦૮/૨૦૧૮.

(૭) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/વ.ક./પ્રિ-વિતરણ/૯, તા.૧૯/૦૬/૨૦૨૦.

માળખાગત સુવિધાઓથી સંપન્ન બોજારહિત જમીન ઉપલબ્ધ બને તો ઉદ્યોગ આ પ્રકારની જમીન મેળવવા પાછળ સમય અને શ્રમ બચાવી ઉત્પાદન, રોજગારી, નાણાકીય સંચાલન, બજાર વ્યવસ્થા જેવા બીજા ઉદ્યોગોને મહત્વના કામમાં સમય આપી શકે તેથી આ પ્રકારની જમીન ઉદ્યોગને સરળતાથી ઉપલબ્ધ બને તે હેતુથી નિગમ કાર્ય કરે છે.

નિગમની ઔદ્યોગિક વસાહતોમાં ઉપલબ્ધ પ્લોટ અને શેડનું વિતરણ વખતોવખત નિગમ ધ્વારા નક્કી કરવામાં આવતી નીતિ અનુસાર થાય છે. આ પ્રકારની નીતિવિષયક બાબતોની નિગમ વખતોવખત સમીક્ષા કરી સુધારા અમલમાં મૂકે છે. બદલાયેલા સમય-સંજોગોમાં અમલ હેઠળની નીતિમાં જરૂરી સુધારા સંબંધી સમીક્ષા થઇ નિર્ણય મળવા અંગે એક દરખાસ્ત નિગમની તા.૧૫/૧૨/૨૦૨૦ના રોજ મળેલ ૫૦૯મી સભા સમક્ષ રજૂ થઇ હતી

તેમાં નિગમે કરેલા ઠરાવ ક્રમાંકઃ ૬૭/પ્રિ-વિતરણ/૫૦૯, તા.૧૫/૧૨/૨૦૨૦ ધ્વારા પ્રવર્તમાન નીતિમાં કેટલાંક મૂળભૂત સુધારા અમલમાં મૂકવાનું ઠરાવેલ છે. આ સંજોગોમાં વિતરણ સંબંધી અન્ય બાબતો યથાવત્ રાખી નીચે દર્શાવ્યા મુજબના સુધારા અમલમાં મૂકવાના રહેશે.

(૧) નિગમ દ્વારા હવે પછી પ્લોટ/શેડ મેળવવા બાબતની ઓનલાઇન અરજી નવા ઓનલાઈન લેન્ડ મોડ્યુલ મારફતે મેળવવાની રહેશે.

(૨) પ્લોટ/શેડ મેળવવા માટેની ઓનલાઈન અરજીનો નિકાલ અરજી સાથે ઓનલાઈન મળેલ દસ્તાવેજોને આધારે અરજી કન્ફર્મ કર્યા તારીખથી કચેરી કામકાજના દિન-૩૦ માં કરવાનો રહેશે.

(૩) ફાળવણીદાર ધ્વારા ફાળવણીપત્રની પૂર્તતા નિયત સમયમર્યાદામાં કરવામાં આવેલ હોય, પરંતુ પીડીસી ચેક રજૂ કરેલ ન હોય તો તેવા કિસ્સામાં પઝેશન એડવાઇઝ જારી કરી પઝેશન એડવાઇઝના દિન-૨૦ માં પ્લોટનો પ્રત્યક્ષ કબજો સંભાળવાનો રહેશે તેમજ પ્લોટનો પ્રત્યક્ષ કબજો સંભાળતા પહેલાં પીડીસી ચેક રજૂ કરવાના રહેશે.

(૪) જો અરજદાર ધ્વારા પઝેશન એડવાઇઝ જારી કર્યા બાદ અને પ્લોટનો પ્રત્યક્ષ કબજો સંભાળતા પહેલાં પીડીસી ચેક રજૂ કરેલ ન હોય તો, પ્રાદેશિક મેનેજર ધ્વારા પઝેશન એડવાઇઝની સમયમર્યાદા પૂર્ણ થયા તારીખથી દિન-૨૧ માં ત્રણ વખત ફાળવણીદારને પીડીસી ચેક રજૂ કરવા નોટીસ જારી કરવાની રહેશે અને જો ફાળવણીદાર ધ્વારા પ્રથમ નોટીસથી મહત્તમ - ૩૦ દિવસમાં પીડીસી ચેક રજૂ કરવામાં ન આવે તો કરવામાં આવેલ ફાળવણી રદ્ થયેલ ગણાશે જે અનુસાર પ્રાદેશિક મેનેજર દ્વારા રીસાઇનમેન્ટનો હુકમ કરવાનો રહેશે.

(૫) કોઇ કારણસર એકમ ધ્વારા ફાળવણીપત્રની પૂર્તતા કરવામાં આવેલ હોય એટલે કે, ડાઉન પેમેન્ટની રકમ નિયત સમયમર્યાદામાં જમા કરાવેલ હોય, પરંતુ કરારખત કાર્યાન્વિત કરવા ક્ષેત્રિય કચેરીએ રજૂ કરેલ ન હોય તો તેવા કિસ્સાઓમાં ડાઉન પેમેન્ટની રકમ ક્ષેત્રિય કચેરીએ જમા કરાવ્યા તારીખથી દિન-૨૧ માં ત્રણ વખત ફાળવણીદારને કરારખત કાર્યાન્વિત કરવા નોટીસ જારી કરવાની રહેશે અને જો ફાળવણીદાર ધ્વારા કરારખત રજૂ કરવામાં ન આવે તો, કરવામાં આવેલ ફાળવણી રદ્ કરી રીસાઇનમેન્ટનો હુકમ કરવાનો રહેશે.

ઉપરોકત બાબતો સિવાયની પ્લોટ/શેડની ફાળવણીની નિગમની પ્રવર્તમાન નીતિના પરિપત્રની અન્ય તમામ બાબતો યથાવત રહેશે. સદર નીતિ પરિપત્ર જારી કર્યા તારીખથી અમલમાં આવશે.

ઉપરોકત સૂચનાઓનું નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પ્રિ-વિતરણ)ને પાઠવવી.

**સહી/**

**(એમ. થેન્નારસન)**

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સહ રવાનાઃ-**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.

(૩) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

**રવાના કર્યું**

મેનેજર (મહેકમ)

જીઆઇડીસી, ગાંધીનગર.